# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/243 Dt. 11/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની રેઝોન સોલાર લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ચેમ્બરના સભ્યો દ્વારા કીમ – કોસંબા ખાતે આવેલી રેઝોન સોલાર લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

રેઝોન સોલાર લિમિટેડના શ્રી ફેનિલ પટેલ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઓલ એકઝીબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર તથા ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કમિટીના શ્રી ચેતન શેઠ, શ્રી અમિત શાહ સહિતના સભ્યોને આવકારવામાં આવ્યા હતા.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળને વિઝીટ દરમિયાન રેઝોન સોલારની આધુનિક મેન્યુફેકચરિંગ યુનિટની મુલાકાત કરાવવામાં આવી હતી, જેમાં કંપની દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા સોલાર પેનલના ઉત્પાદનમાં અપનાવવામાં આવતી નવીન ટેકનોલોજી વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ખાસ કરીને, સોલાર પેનલના ઉત્પાદનમાં TOPCon ટેકનોલોજીનો ઉપયોગ, ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને ઊર્જા બચતના ફાયદાઓ અંગે ચેમ્બરના સભ્યોને જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, રેઝોન સોલારે વૈશ્વિક બજારમાં નોંધાવેલી હાજરી, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધોરણો, રિસર્ચ અને ઇનોવેશન પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા તેમજ વર્ષ ૨૦૧૭થી આજદિન સુધીની કંપનીની વિકાસયાત્રા વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રેઝોન સોલારની ટીમે ચેમ્બરના પ્રતિનિધિ મંડળને ઉત્પાદન પ્રક્રિયા, કવોલિટી મેનેજમેન્ટ, રો મટીરીયલ હેન્ડલિંગ તથા એક્ષ્પોર્ટની ક્ષમતાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વિઝીટનો મુખ્ય હેતુ સભ્યોમાં સસ્ટેનેબલ એનર્જી, ઉત્પાદન માટેની નવી ટેકનિક અને ગ્રીન એનર્જી સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવાનો હતો. આ વિઝીટથી ચેમ્બરના સભ્યોને સોલાર ઉદ્યોગની ટેકનોલોજીકલ પ્રગતિને નજીકથી સમજવાની ઉત્તમ તક મળી હતી.